ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# જોખમી આવાસમાં રાતવાસો કરતા શ્રમિકોને દૂર ખસેડાયા

## સે-૭માં નિકાલ હેઠળના મકાનોમાંથી ઈન્કવાયરી કચેરીએ સામાન જપ્ત કર્યો : તંત્રના અધિકારીઓ માથે લટકતી તલવાર

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં જોખમી ભાસતા નિકાલ હેઠળના સરકારી મકાનો તંત્ર માટે શિરદર્દ બન્યા છે. નિકાલ હેઠળના મકાનો ગમે ત્યારે કડડ ભૂસ થાય તેવી ભયજનક



(તસવીર : નિકેશ બારોટ)

સ્થિતિ સર્જાઈ છે. આવા સંજોગોમાં સે-૭માં ભયજનક આવાસોમાં



ગેરકાયદેસર ઘુસી ગયેલા શ્રમજીવીઓને આજે સ્થાનિક ઈન્કવાયરી કચેરીએ દૂર કરી સામાન જપ્તી કરી હતી.

શહેરમાં સ્થિત ૧૬ હજારથી વધુ સરકારી આવાસો પૈકી ૧૯૦૦ જેટલા મકાનો જોખમી હાલતમાં હોવાથી વર્ષ ૨૦૦૫ દરમિયાન સરકાર દ્વારા આ આવાસોને નિકાલ હેઠળના જાહેર કરાયા હતા પરંતુ નિકાલ હેઠળના મકાનો સંદર્ભે સાત વર્ષના લાંબા સમયગાળા બાદ પણ કોઈ નિર્ણય ન લેવાતા સેકટરોમાં આવા ભયજનક આવાસો ગમે ત્યારે જાન લેવા પુરવાર થાય તેવી દહેશત છે. ઉચ્ચ કક્ષાએથી પણ કોઈ નિર્ણય ન લેવાતા તંત્રના અધિકારીઓ પણ આ મામલે મુંઝણભરી સ્થિતિમાં મુકાયા છે. બીજી તરફ આ આવાસો સીલ ન કરાતા ગરીબ શ્રમજીવીઓ નિકાલ હેઠળના આવાસોમાં રાતવાસો કરતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. સે-૭માં પણ 'જ' અને જ-૨ કેટેગરીના ૫૩ બ્લોક નિકાલ હેઠળના હોવાથી આવી જ દયનીય સ્થિતિ ઉદભવી છે. સેકટરોમાં સ્થિત ૬૩૬ જેટલા મકાનો ભયજનક હાલતમાં છે. આ પૈકી ચારથી પાંચ બ્લોક અગાઉ તંત્ર દ્વારા સીલ કરવામાં આવ્યા હતા પરંતુ ત્યારબાદ ઉચ્ચકક્ષાએથી મંજુરી ન મળતા હાલની સ્થિતિએ આ જોખમી આવાસો રામભરોસે હોવાથી સ્થાનિક શ્રમજીવીઓ કેટલાક જોખમી બ્લોકમાં રાતવાસો કરતા હોવાનું ધ્યાને આવ્યું છે. સે-૭ સુવિધા કચેરીએ આજે ચાર જેટલા બ્લોકમાં ગેરકાયદેસર રહેતા આવા શ્રમજીવીઓનો સામાન કબજે લઈ તેમની સલામતી માટે આવાસમાંથી દૂર કર્યા હતા. શહેરમાં સ્થિત નિકાલ હેઠળના જોખમી મકાનો સંદર્ભે કોઈ નિર્ણય લેવાતો નથી બીજી તરફ આ મકાનો ખુલ્લા અને રામભરોસે હોવાથી તંત્રના અધિકારીઓની મુંઝવણ વધી છે. નિકાલ હેઠળના મકાનો સીલ પણ ન કરાતા ઘુસણખોરોના માથે પણ ખતરો ઝંબુળી રહ્યો છે.

# આવતીકાલે બસ રૂટમાં ફેરફાર

## કોંગ્રેસની મહારેલીના પગલે ઘ-૩, ઘ-૨, ઘ-૪ અને ચ-૨, ચ-૩ના રૂટમાં બસ નહીં દોડે : સરગાસણ, ગ-૩ અને ઘ-૫થી બસોનું સંચાલન થશે

ગાંધીનગર, તા.૩૦

સિંચાઈ અંગેના રાજય સરકારના કાયદાને ખેડૂત વિરોધી ગણાવી કોંગ્રેસ દ્વારા તા.૧ એપ્રિલના રોજ વિરોધ પ્રદર્શન અને મહારેલી યોજવામાં આવનાર છે. જેને અનુલક્ષી ડેપો કક્ષાએથી એસ.ટી.ના બસ વ્યવહારમાં પણ નોંધપાત્ર ફેરફાર કરવામાં આવ્યો છે. કોંગ્રેસની મહારેલીના લીધે ઘ-૩ સ્થિત એસ.ટી. ડેપો સદંતર બંધ રહેશે. જ્યારે ડેપો આસપાસના ઘ-૩, ચ-૩, ઘ-૨, ઘ-૪ રૂટમાંપણ એસ.ટી.ની બસો દોડશે નહીં. જ્યારે સરગાસણ, ગ-૩ અને ઘ-૫થી એસ.ટી.ની બસોનું સંચાલન થશે.

રાજય સરકાર દ્વારા ઘડાયેલા સિંચાઈ અંગેના કાયદાને ખેડૂત વિરોધી ગણાવી કોંગ્રેસ દ્વારા આગામી સોમવારે વિરોધ પ્રદર્શન તેમજ મહારેલીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પાણી નિકાલ માટે સરકાર દ્વારા સત્રમાં સિંચાઈ અંગેનું બિલ પસાર કરવામાં આવ્યું હતું. જેના વિરોધમાં વિપક્ષે આંદોલાત્મક લડત આપવાનો નિર્ણય લીધો હતો. જેના ભાગરૂપે કોંગ્રેસે તા. ૧ એપ્રિલના રોજ સે-૬ સ્થિત સત્યાગ્રહ છાવણીમાં કાર્યક્રમનું આયોજન કર્યું છે. મહારેલી અને વિધાનસભાનો ઘેરાવો સહિતના વિરોધ પ્રદર્શિત કાર્યક્રમોને લઈ વિશાળ સંખ્યામાં કાર્યકરો ઉમટી પડે તેવી સ્થિતિ હોવાથી શહેરમાં એસ.ટી. બસોના રૂટમાં પણ ફેરફાર કરવાનું આયોજન કરી દેવાયું છે. એસ.ટી. ડેપોના મેનેજર યોગેશ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે મહારેલીને અનુલક્ષી ઘ-૩ સ્થિત ડેપો બંધ રાખવામાં આવશે જયારે સરગાસણ, ગ-૩ અને ઘ-૫થી એસ.ટી. બસોનું સંચાલન કરવામાં આવશે. ઘ-૨ થી ઘ-૪, ઘ-૨ થી ચ-૨, તેમજ ઘ-૩ થી ચ-૩ના રૂટમાં એસ.ટી.ની બસો દોડશે નહીં. જયારે સરખેજ રૂટની બસો પણ શાહપુર ચોકડી, સરગાસણ, ખ-૦, ખ-૩ થઈને નાના ગ-૩, ગ-૫ અને ઘ-૫ના રૂટ પર દોડશે. આ ઉપરાંત ચિલોડા, હિંમતનગર, દહેગામ તરફની બસો પણ સે-૩૦ સર્કલ થી ચ-૭, ચ-૬ અને ચ-૫ થઈ ઘ-૫ તરફ જશે. સવારે ૬ અને સાંજે ૬ દરમિયાન ડેપોમાંથી બસોનું સંચાલન થશે નહીં. જયારે આ દરમિયાન સરગાસણ, ગ-૩ અને ઘ-૫ થઈને એસ.ટી. બસોનું સંચાલન કરવામાં આવશે.

- અમદાવાદ અને સરખેજ તરફથી આવતી-જતી તમામ બસો શાહપુર ચોકડીથી સરગાસણ ચોકડી (ખ-૦) થી ખ-૩ સુધી (વાવોલ સર્કલ) થઈ નાના ગ-૩ થઈ ગ-૩ થી ગ-૫ થઈ ઘ-૫ જશે ત્યારબાદ રાબેતા મુજબ ૨૮-૨૯ થઈ જશે.
- હિંમતનગર, દહેગામ, તરફથી આવતી-જતી બસો સેકટર-૩૦ના સર્કલથી ચ-૭, ચ-૬, ચ-૫ થી ઘ-૫ સુધી આવશે.
- પોઈન્ટ સર્વિસ માટે જિલ્લા પંચાયત સુધી જશે ત્યાંથી ૨૮/૨૯ જશે
- ઉદ્યોગભવન પોઈન્ટ સર્વિસ ઉદ્યોગભવન ઉતારી ૨૮/૨૯ જશે.
- પથિકા (ડેપો-સ્ટેન્ડ) ઉપર એક પણ ગાડીથી અવર જવર રહેશે નહીં ડેપો સ્ટેન્ડ નજીક નાના ગ-૩ સુધી બસની અવર જવર રહેશે.
- ઘ-૨ થી ઘ-૪ તથા ઘ-૨ થી ચ-૨ તથા ચ-૨ થી ચ-૪ તથા ચ-૩ થી ઘ-૩ આ તમામ રસ્તાઓ સવારે સાત કલાકથી બપોરે ૧૪ કલાક સુધી બંધ રહેશે.

# આદર્શ ગામની કલ્પના રજુ કરતા અડવાણી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં કેન્દ્ર પુરસ્કૃત ૧૨ જેટલી યોજનાઓના અસરકારક અમલીકરણમાં ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ કરનાર ગામને આદર્શ ગામ તરીકે પસંદ કરી વિશેષ પ્રોત્સાહન રૂપે ખાસ રોકડ પુરસ્કાર આપવો જોઈએ તેવું મહત્વનું સૂચન ભાજપના સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણીએ આજે વિજીલન્સ મોનીટરીંગ કમિટીની બેઠકમાં કર્યું હતું.

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની વિજીલન્સ કમિટીની બેઠકમાં અધ્યક્ષીય પ્રવચન કરતાં શ્રી અડવાણીએ જિલ્લામાં આવાસ યોજનાઓ તેમજ મનરેગા સહિત ૧૨ જેટલી વિવિધ યોજનાઓમાં થયેલી પ્રગતિને બિરદાવી હતી.

શ્રી અડવાણીએ જણાવ્યું હતું કે જિલ્લામાં સ્વચ્છતા સહિતની બાબતોને લઈ સ્પર્ધાનું તત્વ ઉમેરવું જોઈએ જેથી લોકોની કલ્યાણ યોજનાઓ લોકો સુધી પહોંચાડવાનો



(તસવીર : દિપક જાની)

માર્ગ સરળ બનશે.

તેમણે કરેલા આ સૂચનને પગલે જિલ્લા તંત્રએ પણ તેમની ઉપસ્થિતિમાં જ આવો ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજવાનો પ્રતિભાવ આપ્યો હતો.

આ બેઠકમાં સાંસદ શ્રી હરિન પાઠક, શ્રીમતિ જયશ્રીબેન પટેલ તથા ધારાસભ્યો શ્રી અશોક પટેલ, શ્રી શંભુજી ઠાકોર, જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી બીપીનભાઈ ભટ્ટ, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી રાજેન્દ્ર ત્રિવેદી સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં એલઈડી લાઈટનો પ્રોજેક્ટ નિષ્ફળ

## અત્યારસુધી ૧૫ જેટલી કંપનીઓએ અભ્યાસ કર્યો છે જેડાના સહયોગથી તંત્રએ ૫ લાખનો ખર્ચ કર્યો છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં એલ.ઈ.ડી. લાઈટ ફીટ કરવાનો પ્રોજેક્ટ નિષ્ફળ નિવડ્યો છે. ઝેડાના સહયોગી બળથી તંત્ર દ્વારા વીજબિલમાં રાહત આપતી એલ.ઈ.ડી. લાઈટ ઝળહળતી કરવા લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે પરંતુ પ્રયોગ સફળ ન નિવડતા તંત્રએ આ વિચારણા પડતી મુકી છે.

શહેરના સેક્ટરોમાં પ્રકાશ પાથરતી સ્ટ્રીટલાઈટો માટે તંત્રએ પ્રતિ વર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. પાટનગર હોવાના નાતે શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓના લીધે સ્વાભાવિક રીતે જ વીજ વપરાશ વધુ થાય છે. જ્યારે વીજ બિલની ચુકવણી પાછળ પણ કરોડો રૂપિયાનું આંધણ થાય છે. શહેરમાં સેક્ટરોમાં સ્થિત હજારો સ્ટ્રીટલાઈટના પોલ્સની નિભાવણીનું કામ ટોરેન્ટ કંપનીને સોંપવામાં આવ્યું છે. જ્યારે સેક્ટરોમાં ઉજાસ પાથરવા સ્ટ્રીટલાઈટની ઝાળવણી અને બિલની ચુકવણીનો ખર્ચ પણ તોતિંગ છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા અગાઉ જૂના સચિવાલય સહિત અમુક સ્થળે પ્રાયોગિક ધોરણે એલ.ઈ.ડી. લાઈટ મુકવામાં આવી હતી. ચાઈના બેઈઝ લાઈટીંગ સિસ્ટમના આધારે એલ.ઈ.ડી. લાઈટ ૧૨ વર્ષ સુધી ચાલતી હોય છે. પરંતુ શહેરમાં પ્રાયોગિક યોજનાના અંતે આ વ્યવસ્થા માંડ અઢી વર્ષ સુધી જ ટકી રહેતી હોવાનું અભ્યાસના અંતે ધ્યાને આવ્યું છે. એલ.ઈ.ડી. લાઈટના લીધે વીજબિલમાં ૫૦ ટકા કાપ થતો હોવાથી તંત્રકક્ષાએથી ઝેડાના સહયોગથી આ મામલે પુરેપુરી મથામણ કરવામાં આવી છે. પરંતુ વિવિધ ૧૫ જેટલી કંપનીઓના પ્રયાસ બાદ પણ એલ.ઈ.ડી. લાઈટનો પ્રોજેક્ટ સફળ ન થતા વિભાગના હાથ હેઠા પડ્યા છે. પ્રાયોગિક ધોરણે એલ.ઈ.ડી. લાઈટનું અજવાળુ પાથરવા પણ અત્યાર સુધી રૂ. ૫ લાખનું આંધણ કરાયું હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પણ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે.

# ભાજપમાં જિલ્લા પ્રમુખ પસંદગી પ્રક્રિયા પૂર્ણતાના આરે

ગાંધીનગર, તા.૩૦

પ્રદેશ ભાજપ દ્વારા આઠ મહાનગરો અને તમામ જિલ્લાના અધ્યક્ષોની પુનઃરચના કરવામાં આવેલી પ્રક્રિયા આવતીકાલે પૂર્ણ કરી દેવામાં આવ્યા બાદ આગામી એપ્રિલ માસના બીજા અથવા ત્રીજા સપ્તાહમાં પ્રદેશ અધ્યક્ષની પસંદગી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લા અને તાલુકાના અધ્યક્ષોની પુનઃરચના માટેની પ્રક્રિયા ભાજપ દ્વારા હાથ ધરવામાં આવી હતી પ્રથમ તબક્કામાં તાલુકાના અધ્યક્ષોની પુનઃરચના કરવામાં આવ્યા બાદ જિલ્લા પ્રમુખોની પુનઃરચના માટેની પ્રક્રિયા ગઈકાલથી હાથ ધરવામાં આવી હતી.

પ્રથમ દિવસે એક મહાનગર સહિત નવ જિલ્લાના પ્રમુખોની પુનઃ રચના માટેની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ આજે બીજા દિવસે મહાનગરો અને જિલ્લાના પ્રમુખોની નિયુકિતની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે આવતીકાલે કચ્છ જિલ્લા સહીત બાકી રહેતા જિલ્લા અને મહાનગરોના પ્રમુખોની નિયુકિત કરીને આ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે.

એપ્રિલના બીજા અથવા ત્રીજા સપ્તાહમાં પ્રદેશ અધ્યક્ષની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. વર્તમાન અધ્યક્ષ આર.સી. ફળદુની આ બીજી ટર્મ હોઈ આ વખતે તેમને રીપીટ કરવામાં આવે તેવી શકયતાઓ ખુબ જ ઓછી જોવાઈ રહી છે. આ વખતે આગામી લોકસભા ચૂંટણીઓને ધ્યાને રાખીને કોઈ નવા યુવા ચહેરા ઉપર પસંદગીનો કળશ ઢોળવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. ક્ષત્રીય આગેવાન તરીકે આઈ.કે. જાડેજાનું નામ મોખરે છે અને તેમને પ્રદેશ અધ્યક્ષ બનાવવામાં આવે તેવી છેલ્લા કેટલાક સમયથી ચર્ચાઓ વહેતી થવા પામી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજકાલમાં જ ભાજપાના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહ પોતાની નવી ટીમની જાહેરાત કરે તેવી શકયતાઓ છે ત્યારે તેમની આ નવી ટીમમાં ગુજરાતમાંથી કોનો કોનો સમાવેશ કરવામાં આવે તે જોયા પછી ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકે કોના નામ પર પસંદગીનો કળશ ઢોળવો તેનો નિર્ણય લેવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

# ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત આગામી વર્ષ દરમ્યાન ૧.૩૭ લાખ નવા આવાસો બાંધવાનો લક્ષ્યાંક

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યમાં ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત આગામી વર્ષ-૨૦૧૩-૧૪માં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટે ૧.૩૭ લાખ નવા આવાસોના બાંધકામનો લક્ષ્યાંક રાજ્ય સરકાર દ્વારા અંદાજવામાં આવ્યો છે.

ગ્રામીણ વિસ્તારના ગરીબી રેખા હેઠળ જીવતા ગ્રામીણ ગરીબોને પાકા મકાનની સુવિધા પુરી પાડવાનો હેતુ ઈન્દિરા આવાસ યોજનાનો છે. આ યોજના હેઠળ લાભાર્થીને નવા આવાસ તથા આવાસ સુધારણા માટે નિયત યુનિટ કોસ્ટની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. આ કાર્યક્રમ કેન્દ્ર પુરસ્કૃત છે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે ખર્ચના હિસ્સાનું પ્રમાણ ૭૫.૨૫ ના ધોરણે નિયત થયેલ છે.

પ્રત્યેક આવાસનો એકમ ખર્ચ રૂ. ૫૨ હજાર છે. જેમાં રૂ. ૩૩,૭૫૦ કેન્દ્રનો હિસ્સો, ૧૧૨૫૦ રાજ્યસરકારનો હિસ્સો અને રૂ. ૭૦૦૦ લાભાર્થીઓનો શ્રમ ફાળો છે. આ યોજના હેઠળ વર્ષ-૨૦૧૨-૧૩માં ૧૩૬૪૭૦ કુટુંબોને આવાસ માટે સહાય આપવાના લક્ષ્યાંક સામે ઓક્ટોબર-૨૦૧૨ સુધીમાં ૯૭૨૭૫ આવાસો મંજૂર કરવામાં આવેલ છે. અને ૩૮૧૫૮ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે. જે માટે રૂ. ૨૫૦.૮૯ કરોડની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે.

પાંચેય સંસ્થા દ્વારા કરાયેલી સમીક્ષામાં જણાવાયું છે કે વર્ષ-૨૦૧૩-૧૪માં ગ્રામીણ વિકાસ માટેના ખાસ કાર્યક્રમો અંતર્ગત રણ વિકાસ કાર્યક્રમ સંકલિત વોટરશેડ મેનેજમેન્ટ કાર્યક્રમ માટે રૂ. ૧૬ કરોડ ૮ લાખની જોગવાઈ કરવામાં આવી છે. વર્ષ-૨૦૧૧-૧૨માં વોટર શેડ મેનેજમેન્ટ કાર્યક્રમ માટે રૂ. ૧૭ કરોડ ૫૨ લાખ ૩૬ હજારનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

વર્ષ-૨૦૧૩-૧૪માં ઘર વિહોમા ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને ઘર બાંધવા તથા હળપતિ આવાસન બોર્ડને સહાય આપવા અને અન્ય આવાસના કામો માટે અંદાજીત રૂ. ૬૦૦ કરોડ ૮૨ લાખ ૩૧ હજારની જોગવાઈ કરવામાં આવી છે. જે પૈકી સરદાર પટેલ આવાસ યોજનાના અમલ માટે રૂ. ૫૦૫ કરોડ ૯૯ લાખ ૩૦ હજારની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૦-૧૧માં મિશન મંગલમ યોજના શરૂ કરેલ છે. જેમાં રાજ્ય સરકારની સખીમંડળ યોજના કેન્દ્ર સરકારની નેશનલ રૂરલ લાઈવલીહૂડ મીશન એસજીએસવાય તથા રાજ્ય સરકારની અન્ય યોજનાઓનો એક છત્ર હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે. આ મિશનનો હેતુ ગરીબી નીચે જીવતા ઓછામાં ઓછા ૫૦ ટકા કુટુંબોને ચાર વર્ષમાં ગરીબી રેખા ઉપર લાવવાનો છે. વર્ષ-૨૦૧૩-૧૪ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા મિશન મંગલમ યોજના અંતર્ગત ૩૦,૦૦૦ નવા સ્વ સહાય જૂથોની રચના કરવામાં આવશે. ૪૦,૦૦૦ સ્વસહાય જૂથોને રૂ. ૬૦ કરોડની રકમ રિવોલ્વિંગ ફંડ પેટે આપવાની તેમજ તમામ સ્વ સહાય જૂથમાં ૭૦ ટકા બી.પી.એલ.સભ્યોનો સમાવેશ કરવા અને ગ્રામકક્ષા તાલુકા કક્ષા તથા જિલ્લા કક્ષાએ સ્વસહાય જૂથોને ફેડરેશનની રચના કરવા સહિત ૯ જેટલી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

**ભાડે આપવાની છે**

પ્લોટ નં. ૧૦૧/૧/૪, ઉમા વે-બ્રીજ પાસે, બગીચાની સામે, જલારામ આઈસ ફેક્ટરી સામે, સેક્ટર-૨૮, જી.આઈ.ડી.સી., ગાંધીનગરમાં ઓફીસ, દુકાન, ગોડાઉન લાયક કુલ ૫૨૦૦ ચો. ફૂટ જગ્યા ભાડે આપવાની છે.

**સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮**

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**નોટીસ**

સાંચા કામ સબબે તારીખ ૨-૪-૧૩, મંગળવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. પરીમલ એપાર્ટમેન્ટ

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

**LCD TV રીપેરીંગ**

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com